# વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ.

www.vmc.gov.in

## જાહેરનામું

નામદાર સુપ્રિમ કોર્ટના તા.૦૭/૦૯/૨૦૨૦ ના આદેશ પરત્વે ભારત સરકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર), નિર્માણ ભવન, ન્યુ દિલ્હી દ્વારા તા.૨૩/૦૯/૨૦૨૦ ના રોજ પરિપત્રિત થયેલ ઓફિસ મેમોરેન્ડમ અનુસાર કોવિડ–૧૯ સંક્રમિત વિસ્તાર / નાગરીકો માટે જીવાણુનાશક દવા છંટકાવ કાર્યવાહી ન કરવા તેમજ જે જરૂરી માર્ગદર્શન પાઠવવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

(૧) જીવાણુનાશકો એ રસાયણો છે જે રોગ પેદા કરતા જીવાણુઓ અથવા અન્ય હાનિકારક સુક્ષ્મસજીવોનો નાશ કરે છે તે તેમના મજબૂત રાસાયણિક ગુણધર્મોને કારણે નિર્જીવ પદાર્થો પર લાગુ પદાર્થોનો સંદર્ભ આપે છે. તેથી કોઈ પણ સ્થિતિમાં જીવાણુનાશક દવાઓ છંટકાવ બાબતે કોઈપણ સંજોગોમાં ભલામણ કરવામાં આવતી નથી.

(૨) જંતુનાશક પદાર્થો શારીરિક અને માનસિક રીતે હાનિકારક હોઈ શકે છે. તેનાથી આંખો, ત્વચા અને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે અને ઉબકા અને ઉલ્ટી જેવી સંભવિત જઠરાંત્રિય અસરો થઈ શકે છે. તેથી સુનિશ્ચિત થયેલ છે કે આવી પ્રથાઓ અમલમાં ન આવે.

આથી હું, સ્વરૂપ પી, IAS મ્યુનિસિપલ કમિશનર, વડોદરા મહાનગરપાલિકા, The Disaster Management Act, 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને ગુજરાત એપેડેમિક ડીસીઝ કોવિડ–૧૯ રેગ્યુલેશન–૨૦૨૦ ની કલમ–૨ અને Section 188 of Indian Penal Code (45 of 1860) હેઠળ મળેલ સત્તાની રૂએ કોવિડ–૧૯ બાબતે વડોદરા શહેર વિસ્તારમાં જે વ્યકિત / સંસ્થા આ પ્રકારે જીવાણુનાશક રસાયણો (Disinfectant) નો છંટકાવ કરતા જણાઈ આવશે તો તેઓ સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જેની સબંધકર્તા તમામે નોંધ લેવી.

મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા.

પી.આર.ઓ.નં.૫૪૧/૨૦–૨૧, તા.૩૦/૦૯/૨૦૨૦